અપીલ અરજી નં.૯૯ તા.૭–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી દિપકકુમાર આર. કોસંબીયા
સામાવાળાઃ–શાસનાધિકારી અને અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિપકકુમાર આર. કોસંબીયાની આઈ ડી. નં.૨૪૫/૨૧ તા.૯–૬–૦૯ ની અરજીથી તા.૪–૪–૦૯ ના રોજ પીસાઈડીંગની તાલીમમાં જવા છતાં શાળાના આચાર્ય શ્રી રમેશભાઈ ગીરધરભાઈ પરમારે અરજદારની સીએલ મુકી તે કયા કયા પરિપત્રો અને નિયમોના આધારે મુકી તે જણાવવા અથવા તેમની ચૂંટણીની કામગીરીમાં રૂકાવટ લાવવા બાબત પગલા લેશો. જો કાયદેસર સીએલ મુકી હોય તો કયા બોમ્બે પ્રાયમરી એકટના નિયમોને આધારે અને કયા પરિપત્ર નંબરના આધારે મુકી તેની જાણ લેખિતમાં કરવા બાબત

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૭–૭–'૦૯ ની અપીલ અરજી નં.૯૯/૨૦૦૯–૧૦

શ્રી દિપકકુમાર આર. કોસંબીયાની આઈ ડી. નં.૨૪૫/૨૧ તા.૯–૬–૦૯ ની અરજીથી તા.૪–૪–૦૯ ના રોજ પીસાઈડીંગની તાલીમમાં જવા છતાં શાળાના આચાર્ય શ્રી રમેશભાઈ ગીરધરભાઈ પરમારે અરજદારની સીએલ મુકી તે કયા કયા પરિપત્રો અને નિયમોના આધારે મુકી તે જણાવવા અથવા તેમની ચૂંટણીની કામગીરીમાં રૂકાવટ લાવવા બાબત પગલા લેશો. જો કાયદેસર સીએલ મુકી હોય તો કયા બોમ્બે પ્રાયમરી એકટના નિયમોને આધારે અને કયા પરિપત્ર નંબરના આધારે મુકી તેની જાણ લેખિતમાં કરવા બાબતે સીએલનો જવાબ યોગ્ય નથી તેવું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૪ તા.૧૪–૭–૦૯ થી શાસનાધિકારી અને અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ)ને તથા અરજદારને જવાબ યોગ્ય નહીં હોવાના દાવા અંગે ઉપલબ્ધ આધાર રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને શાસનાધિકારી તરફથી અરજદારે તા.૨૫–૫–૦૭ ના રોજ ચૂંટણી અધિકારી અને કલેકટરને કરેલી અરજી કલેકટર કચેરી નાનપુરા સુરત નં.પીઆરઓ/આરટુઈ/આઈડી.૨૪૦૦/૦૯ મ. સરકારી માહિતી અધિકારી અને જનસંપર્ક અધિકારી, સુરત તરફથી તા.૨૭–૭–૦૯ ના રોજ શાખા અધ્યક્ષ ચૂંટણી શાખા કલેકટર કચેરી સુરતને તબદીલ કરવામાં આવેલ છે. તેઓ તરફથી જે નં.આઈ ડી નં.૨૪૦૦/૦૯ કલેકટર કચેરી ચૂંટણી શાખા, નાનપુરા, સુરતથી તા.૩–૬–૦૯ થી શાસનાધિકારી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ગોપીપુરા, સંઘડીયાવાડ, સુરતને તબદીલ કરવામાં આવેલ છે. જે તેમને તા.૯–૬–૦૯ ના રોજ મળેલ છે અને જેનો આઈ ડી. નં.૨૪૫/૨૧ આપેલ છે. જે અંગે અરજદાર તરફથી જાવક નં.૪૪ તા.૬–૭–૦૯ થી રૂ.૨/– રસીદ નં.૩૬૨૬ તા.૬–૭–૦૯ થી ભરપાઈ કર્યાની વિગત તથા તે અંગે પરિપત્ર નં.ક્ર.પ્રા.શિ. નિ/વિદ્યાસહાયક/૦૨/ક–૮૨૩ થી ૯૦૬ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ડો.જી.મ.ભવન, બ્લોક નં.૧૨/૧, ગુ.રા. ગાંધીનગર તા.૧–૧૦–૦૨ ના પરિપત્રની નકલ અરજદારને તા.૬–૭–૦૯ ના રોજ આપ્યાની નકલ અત્રે રજૂ કરેલ છે. તેમજ હાજરીપત્રકમાં સીએલ ખતવ્યાની નકલ અરજદારે જ અપીલ સાથે રજૂ કરેલ છે. જે જોતાં શાળાનો સમય ૭ થી ૧૧.૩૦ નો જણાય છે. જયારે અરજદારે તા.૪–૪–૦૯ નો ચૂંટણીની તાલીમનો હુકમ રજૂ કરેલ છે પરંતુ તે જોતાં તાલીમનો સમય દર્શાવેલ નથી. પરંતુ જે બાબતે સીએલ માટેનો જવાબ યોગ્ય નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. પરંતુ તે અંગેના દાવાના સમર્થનમાં અપીલ પશ્ચાત તા.૧૪–૭–૦૯ ના મુદ્દાના અનુસંધાને કોઈ આધાર કે પુરાવા અરજી સાથે કે અપીલ તબકકે રજૂ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારીએ જાવક નં.૪૪ તા.૭–૮–૦૯ થી રૂબરૂમાં મુળ અરજી તથા તબદીલ અરજીની નકલ તથા આચાર્યશ્રીએ મ. ચૂંટણી અધિકારી અને શાસનાધિકારીને શાળા નં.૧૮૧/૨૯ ના ઉપશિક્ષક દિપકકુમાર રતીલાલ કોસંબીયા કે જે અરજદાર છે તેમની તા.૪–૪–૦૯ ના રોજ સીએલ બાબતે શાળામાં વાર્ષિક પરીક્ષા લેખિત ધો.૫,૬,૭ ની ચાલતી હોય શાળાનો સમય ૭.૩૦ થી ૧૧.૩૦ કલાકનો હતો પણ અરજદાર શાળામાં ફરજ ઉપર હાજર થયા ન હતાં જયારે તેમની સાથેના બીજા ૪ શિક્ષકોના પણ પ્રમુખ અધિકારીના તાલીમના ઓર્ડર હતાં. જે ૭.૩૦ કલાકે શાળામાં ફરજ ઉપર સૂચના પ્રમાણે હાજર હતાં. તેઓનો તાલીમનો સમય ૧૧.૦૦ કલાકથી શરૂ થતો હોય શાળામાંથી તેમને ૧૦.૧૫ કલાકે પ્રણાલી મુજબ તાલીમમાં ભાગ લેવા માટે રજા આપવામાં આવી હતી અને તેઓ ૧૧.૦૦ કલાકે શરૂ થતી તાલીમમાં હાજર રહયા હતાં. પણ અત્રેથી શાળાના ઉપશિક્ષક દિપકભાઈ રતિલાલ કોસંબીયા કે જે અરજદારે છે તે તા.૪–૪–૦૯ ના રોજ કોઈ પણ જાતની જાણ કર્યા વગર શાળામાં ફરજ ઉપર હાજર નહીં રહેવાથી હાજરીપત્રકમાં ગેરહાજર દર્શાવેલ છે તેવી પણ સ્પષ્ટતા કરેલ છે. તથા તે અંગે આચાર્યના તા.૧૬–૪–૦૯ તથા તા.૨–૫–૦૯ના પત્રોની નકલો તા.૭–૮–૦૯ ના રોજ અરજદારને મોકલ્યાની વિગત અત્રે રજૂ કરેલ છે. આમ અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવામાં આવેલ હોય અપીલ બાબતે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

કાર્યવાહી હાથ ધરવાની રજૂઆત અંગે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી, (ન.પ્રા.શિ.સ.) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી દિપક રતીલાલ કોસંબીયા,